# મનપાના અધિકારી ગેરરીતિ મામલે સસ્પેન્ડ

## મનપાની સ્ટોર શાખાના વહીવટી અધિકારી સંજય શાહ ફરજ મોકૂફ કરાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મનપામાં ભ્રષ્ટ્રાચારની કેટલીક હકીકતો સામે આવતાં જ અને નક્કર પુરાવાઓ હાથ લાગતાં જ વહીવટી અધિકારી સંજય શાહને તાત્કાલિક અસરથી ફરજ મોકુફી હેઠળ મુકવાનો નિર્ણય આજે તંત્રએ કર્યો છે.

આજે તંત્રના આકરા નિર્ણયની વિગતો આપતાં સ્થાયી સમિતિના ચેરમેન જસવંત પટેલે જણાવ્યુ હતુ કે વિવાદાસ્પદ વહીવટી અધિકારી સામે સંખ્યાબંધ રજુઆતો મળી હતી જેના પગલે તપાસ હાથ ધરવામાં આવી હતી અને નક્કર પુરાવાઓ મળતાં જ આ કર્મચારીને ફરજમોકુફી પર મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રીની હાજરીમાં યોજાયેલા ખેલ મહાકુંભમાં મનપા દ્વારા પીવાના પાણીની બોટલની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચાર રૂ.માં મળતી બોટલનો ભાવ ૧૮ રૂ. અને બોટલની સંખ્યામાં વધારો કરવાનું કૌભાંડ પુરાવા સાથે પકડાયુ છે.

મનપાના કર્મચારીઓની હાજરી માટે ૧૫ બાયો મેટ્રીક ખરીદવામાં આવ્યા હતા. આ તમામ બાયો મેટ્રીકની ખરીદી રૂ. ૧૨,૫૦૦ પ્રતિ નંગ લેખે ખરીદવામાં આવ્યા હતા. ફેસ રેકોગ્નિઝન ધરાવતા અને બાયોપેક્સ કંપનીના એન.બીએચ-૦ પી ૪૦ મશીન ઓર્ડર કરાયા હતા પરંતુ સ્ટોર શાખાએ ઉતરતી ગુણવત્તા અને ખરીદ કિંમત કરતા ઓછા ભાવના મશીન ખરીદ્યા હતા. સ્ટોર શાખાનો ચાર્જ સંભાળતા વહીવટી અધિકારી સંજય શાહે આ ખરીદી બાબતે ખોટુ પ્રમાણપત્ર જારી કર્યુ હતુ. મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલના સરપ્રાઈઝ ચેકિંગમાં પણ વર્ક ઓર્ડર કરતાં ભિન્ન મશીન જણાયુ હતુ.

મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્થાયી સમિતિના ચેરમેન જસવંત પટેલે ખાનગી રાહે ટીમ બનાવી તપાસ હાથ ધરી હતી જેમાં તપાસ દરમ્યાન કૌભાંડના કારનામાઓ સામે આવ્યા હતા.

વહીવટી અધિકારી સંજય શાહે ખાનગી કંપની પાસેથી સ્ટોર શાખામાં મોટા પાયે ખરીદી કરી હતી. આ કંપની આઉટ સોર્સિંગ સ્ટાફમાં કામ કરતી મહિલા કર્મચારીના નામે નોંધાયેલી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### અજમાયશી પિરિયડ પૂરો થાય તે પૂર્વે જ સસ્પેન્ડ થયા સંજય શાહ

ગાંધીનગર મનપામાં કોરોના અને લોકડાઉનના સમયમાં મ્યુનિ. કચેરીમાં હોદ્દો સંભાળનાર સંજય શાહની નોકરીના બે વર્ષ પણ પૂરા થયા હતા અને તેનો અજમાયશી પિરિયડ પૂરો કરીને કાયમી કરવા માટેની ફાઈલ ચાલતી હતી.

આ કર્મચારી સામે ભ્રષ્ટ્રાચારના કિસ્સા બહાર આવતાં સ્થાયી સમિતિના ચેરમેને કમિશનરને મળી તેમની સાથે ચર્ચા કરી ફાઈલ મંજૂર ન કરવા જણાવ્યુ હતુ.

# શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન વિસ્તાર ઝુંપડાઓની ગિરફતમાં

**વન આરક્ષિત વિસ્તારમાં રહેણાંક નજીક જ ઝુપડાના દબાણોની કતાર : સ્થાનિકો પણ પરેશાન : ગંદકી અને રખડતા ઢોરનો અડ્ડો બનતા વન વિસ્તારમાં દબાણોની સંખ્યા પણ વધતી જાય છે**



ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં વન આરક્ષિત વિસ્તારતમાં છેલ્લા ઘણાં સમયથી ગંદકીના ઢગ જોવા મળે છે. તુટેલી ફેન્સીંગના લીધે હવે વન વિસ્તારમાં રખડતા ઢોર પણ બિન્દાસ્ત રીતે ફરતા જોવા મળે છે. શહેરના ઉભા અને આડા માર્ગ આસપાસ સ્થિત વન વિસ્તારમાં ઝુંપડાવાસીઓની સંખ્યા વધી ગઈ છે. રહેણાંક વિસ્તાર નજીક જ ઝુંપડાવાસીઓએ અડ્ડો જમાવ્યો છે. જેના લીધે સ્થાનિકો માટે પણ અનેક સમસ્યાઓ ઉઠવા પામી છે. વનતંત્ર કક્ષાએથી પણ કોઈ પગલા લેવાતા નથી વન વિસ્તારની તુટેલી ફેન્સીંગના અભાવે દબાણ કર્તાઓ સહીત રખડતા ઢોર માટે પ્રવેશ મેળવવાનો પણ સરળ થઈ ગયો છે.

ગાંધીનગર શહેરમાં ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી સફાઈ થતી નથી જયારે વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગ પણ ઘણાં ઠેકાણે તુટી ગઈ છે. જયારે મોટાભાગના ઠેકાણે ગાબડા પડયા હોવાથી હાલ વન વિસ્તારમાં રખડતા ઢોર તેમજ ઝુંપડાવાસીઓના દબાણોની કતાર જોવા મળે છે. શહેરના સેકટરોમાં રહેણાંક વિસ્તારને અડીને આવેલી વન વિભાગની જગ્યામાં ઝુંપડાવાસીઓએ કબજો જમાવી લીધો છે. જયારે આ સ્થિતિ વચ્ચે સ્થાનિક રહીશોએ પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. આ વિસ્તારમાં રખડતા ઢોરની સંખ્યા પણ વધી ગઈ છે. જયારે રખડતી ગાય અને આખલા સાથે નીલગાય પણ વન આરક્ષિત વિસ્તાર માટે આરામનુ સ્થાન બન્યુ છે. વન આરક્ષિત વિસ્તારમાં સફાઈનુ કામ છેલ્લા ઘણાં સમયથી થયુ નથી ત્યારે વરસાદી દિવસો પણ નજીકમાં છે. આ સ્થિતિ વચ્ચે ચોમાસા દરમિયાન વન વિસ્તારમાં ગંદકી વધુ ખદબદતી જોવા મળશે વરસાદી દિવસોમા વન વિભાગ દ્વારા વન વિસ્તારમાં નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવે છે. જયારે આગામી વરસાદી દિવસો દરમિયાન પણ વન વિસ્તારમાં તેમજ શહેરમાં ખુલ્લી જગ્યા ઉપલબ્ધ હોય તેવા ઠેકાણે નવા રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે પરંતુ શહેરમાં મુખ્યમાર્ગોની આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તાર ઉકરડો બનવા તરફ આગળ વધી રહ્યો છે. ઠેર ઠેર દબાણો અસ્તિત્વમાં આવ્યા છે. જયારે ઝુંપડાવાસીઓએ તો આ વિસ્તારમાં કાયમી અડ્ડો જમાવી લીધો છે. જેના લીધે સ્થાનિકો પણ પરેશાન છે. આ સ્થિતિ વચ્ચે રહેણાંક વિસ્તારમાં પણ અનેક સમસ્યાઓ ઉઠવા પામી છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન વિસ્તારમાં જ દબાણની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. વન વિસ્તારની ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે વન તંત્ર પાસે પણ પુરતો મેનપાવર ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. મજુરોની ઘટના લીધે આ વિસ્તારમાં સફાઈ ન થતી હોવાની સાથે સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગનુ કામ પણ અટવાયુ છે. જયારે વન વિસ્તારની ફેન્સીંગ પણ ઠેર ઠેર તુટેલી જોવા મળે છે. આ સ્થિતિને નિવારવા માટે સ્થાનિકો દ્વારા પણ યોગ્ય રીપેરીંગ કરવા માટે ત્વરિત આયોજન કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. સ્થાનિકો પણ વન આરક્ષિત વિસ્તારમાંથી દબાણો દુર થાય તેવી માંગ ઉઠાવી રહ્યા છે.

# ગિફટસીટીમાં યુટિલીટી ટનલ તૈયાર કરવા માટે જમીન સંપાદનની પ્રક્રિયા

**ફિરોઝપુર તેમજ રતનપુર બે - બે સર્વે નંબરોની જમીન સંપાનદ કરાશે : વિજળી, પાણી ગેસ, કેબલો તેમજ ઘન કચરાના એકત્રિકરણ અર્થે ટનલ તૈયાર કરવાનુ આયોજન**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર નજીક અસ્તિત્વમાં આવેલા ગિફટ સીટીમાં ગગનચુંબી ઈમારતો ઉભી કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના આ ફાઈનાન્સ અને બેકીંગ હબને ધ્યાનમાં લઈને માળખાગત સુવિધાઓ પણ હાઈફાઈ કરવામાં આવી રહી છે. અદ્યતન ટેકનોલોજીના સહારે આ વિસ્તારમાં એક યુટિલીટી ટનલ તૈયાર કરવામાં આવશે જયારે આ માટે ફિરોઝપુર અને રતનપુર ગામના બે સર્વે નંબરોની જમીન સંપાદન કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર નજીક બિઝનેસ હબ તરીકે વિકસતા ગીફટ સીટીને અનુલક્ષીને યુટિલીટી ટનલ તૈયાર કરવાની યોજના હાથ ધરવામાં આવશે. ગિફટ સીટીના રહેણાંક તેમજ કોર્મશિયલ વિસ્તારને ધ્યાનમાં રાખી ઘન કચરાના નિકાલ તેમજ વિજળી અને પાણી સહીતની સુવિધાઓ માટે યુટિલીટી ટનલ તૈયાર કરવી અનિવાર્ય હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે આ યોજનાને અનુલક્ષી સરકારે બે ગામના સર્વે નંબરોની જમીન સંપાદન કરવાનુ આયોજન કર્યુ છે. જેમાં ફિરોઝપુર અને રતનપુરના સર્વે નંબરોની જમીન સંપાનદ કરવામાં આવશે. જયારે આ માટે મહેસુલ વિભાગે વાંધા સુચનો પણ મંગાવ્યા છે. ગાંધીનગરમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સીટી ગિફટ સીટી વિકસાવામાં આવી રહ્યુ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના આ ફાઈનાન્સ અને બેકીંગ હબને ધ્યાનમાં રાખી હાઈફાઈ સુવિધાઓ પણ તબક્કાવાર ઉભી કરવામાં આવી રહી છે. વિશ્વ કક્ષાએ પણ ગિફટ સીટી એક નમુનારૂપ બની રહે તે માટે આ વિસ્તારના વિકાસ માટે પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. જયારે નવા તોતિંગ બિલ્ડીંગો વચ્ચે માળખાગત સુવિધાઓ પણ અદ્યતન ઢબે વિકસાવવા માટે નવતર આયોજન કરવામાં આવી રહ્યુ છે. અદ્યતન ટેકનોલોજીથી સજ્જ સુવિધાઓ ઉભી કરવા માટે દોઢ હેકટર જેટલી વધારાની જમીન સંપાદન કરવાનો પણ નિર્ણય લેવાયો છે. જયારે આ અન્વયે પ્રકીયા પણ શરૂ કરી દેવામાં આવી છે. જયારે જમીન સંપાદનની પ્રકીયાના અંતે આ વિસ્તારમાં યુટિલીટી ટનલ તૈયાર કરવા માટે પણ કામ શરૂ કરી દેવાશે. જેના આધારે ઘન કચરાનો

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા

**એન.આઈ.ડી.માં વધુ બે કેસ તથા સે. ૨૮માંથી એક કેસ મળ્યો**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

શહેરમાં ધીમી ગતિએ કેસોની સંખ્યા વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જો કે દર્દીઓ હળવા લક્ષણો ધરાવતા મળી રહ્યા હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. જો આ ગતિએ કેસો સતત મળશે તો ચોથી લ્હેર દૂર નહિ હોય તેવુ મનાઈ રહ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા ૩ કેસમાં બે કેસ ઈન્ફોસીટી વિસ્તારમાં અને એક કેસ સે. ૨૮માંથી મળી આવેલ છે. સે. ૨૮માં મળેલ દર્દી વડોદરા જઈ અને પરત આવેલ હોવાનુ જાણવા મળેલ છે. જ્યારે ઈન્ફોસીટીમાં બે કેસ એન.આઈ.ડી.માં નોંધાયા છે.

એન.આઈ.ડી.માં છેલ્લા ૩ દિવસમાં ૯ કેસ નોંધાયા છે. શૈક્ષણિક સંકુલમાંથી કેસો જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલ તમામ પુરૂષ દર્દી છે અને ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં હોમ આઈસોલેશનના નિયમોનું અસરકારક રીતે અમલીકરણ થાય તે માટે તંત્રએ તાકીદ કરી છે. સઘન સર્વેલન્સની સાથે સાથે ટેસ્ટીંગનું પ્રમાણ વધારવાની અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૨૫નો આંક પર કરી ગઈ છે. શહેરમાં કોરોનાની ગાઈડલાઈન્સના અસરકારક અમલીકરણ માટે તંત્રએ લોકોને અપીલ કરી છે.

# ગાંધીનગરથી ઈન્દોર અને મુંબઈ દોડતી ટ્રેઈનમાં જનરલ કોચ ઉમેરાશે

**કોચ ઉમેરવામાં આવતા યાત્રિકોને વધુ સુવિધા મળશે : હજુ નવી ટ્રેઇન શરૂ કરવાની માંગ પણ સતત ઉઠતી રહે છે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર રેલવે સ્ટેશનને હોટલની સાથે અદ્યતન ઢબે વિકસાવાયુ છે. જયારે કેપિટલ સ્ટેશન પરથી યોગ્ય ટ્રેઈન સુવિધા પણ મળી રહે તે માટે પણ વારંવાર રજુઆતો થતી રહે છે. રેલવે વિભાગ દ્વારા ગાંધીનગરથી મુંબઈ અને ગાંધીનગરથી ઈન્દોર તેમજ ભાગલપુર જતી ટ્રેઈનમાં જનરલ કોચ ઉમેરવાનો નિર્ણય લેવાયો છે. જેથી મુસાફરોને પણ આ સુવિધાનો લાભ મળશે જો કે હજુ પણ નવી ટ્રેઈન કેપિટલ સ્ટેશનના પોકેટમાં આવે તે માટે પણ સ્થાનિક આગેવાનો દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જો કે ટ્રેઈનમાં જનરલ કોચ ઉમેરાતા યાત્રિકોને વધુ સુવિધા મળશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર કેપિટલ સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરયો છે. અત્યાર સુધી હાંસિયામાં ધકેલાયેલા સ્ટેશનનુ અદ્યતન હોટલ સાથે નવિનિકરણ થતા સ્ટેશન વિસ્તારની રોનક નિખરી છે. જયારે દાયકાઓથી કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઈન મળે તે માટે પણ સતત રજુઆતો થતી રહી છે. કેપિટલ સ્ટેશનના વિકાસ અને નવી ટ્રેઈન સેવા માટે શહેર વસાહત મહામંડળ દ્વારા પણ અનેકવાર વિભાગ સાથે પત્ર વ્યવહાર કરીને રજુઆતો કરવામાં આવતી રહી છે. ત્યારે રેલવે સ્ટેશન પરથી નવી ટ્રેઈનો શરૂ થાય તે માટે પણ સતત રજુઆતો કરવામાં આવી રહી છે. આ દરમિયાન આજે રેલવે વિભાગ દ્વારા ગાંધીનગર સ્ટેશન થઈને દોડતી મુંબઈ , ઈન્દોર અને ભાગલપુર સહીતની ટ્રેઈનના જનરલ કોચ ઉમેરવાની જાહેરાત કરવામાં આવી છે. જેના લીધે મુસાફરોને વિશેષ લાભ થશે રેલવેના મુસાફરોને વધુ સુવિધા મળશે ગાંધીનગર સ્ટેશનને વધુ મહત્વની ટ્રેઈન મળે તેમજ દેશના અન્ય જંકશન સાથે પણ કેપિટલનુ જોડાણ થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.



ભારત કૃષિ પ્રધાન દેશ હોઈ વરસાદનું અહીં ખૂબ મહત્વ છે. મોસમી પવનો દ્વારા ભારત દ્વિકલ્પીય વિસ્તારોમાં વરસાદ આવતો હોઈ ખૂબ અનિયમિત રહે છે અને એટલે જ વરસાદની આગાહી જાતભાતના માધ્યમોથી કરવામાં આવે છે. વરસાદની મોસમ ટૂંક સમયમાં શરૂ થવાની હોવાથી તેના આગમનની રાહ જોવાઈ રહી છે ત્યારે ટીંટોડીએ ક્યાં ઈંડા મુક્યા છે તેના આધારે વરસાદનો વર્તારો કરવામાં આવે છે. વરસાદ પહેલા ટીંટોડી અલગ અલગ સ્થળોએ પોતાના ઈંડા મુકે છે. ઘ-૪ના બગીચામાં હાલમાં ટીંટોડીએ ઈંડા મુક્યા છે. ટીંટોડીના ઈંડાએ આકર્ષણ જમાવ્યુ છે.

# શહેરમાં આકરી ગરમીના પ્રકોપ વચ્ચે મોસમનો નજારો બદલાયો

**સવારે વાદળિયા વાતાવરણના વચ્ચે સુસવાટા મારતા વરસાદી વાયરાથી ઠંડક પ્રવર્તી જો કે બપોર બાદ વાદળો હટી જતા ગરમીનુ જોર વધ્યુ ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતર્યો**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં માર્ચ મહીનાની શરૂઆતથી જ ગરમી પ્રકોપ છવાયેલો છે. આકરી ગરમીએ નગરજનોને તોબા પોકારી દીધા છે. ગરમીનો પારો સતત ૪૧ ડીગ્રીની પાર રહેતા શહેરીજનો હીટવેવના લીધે બેબાકળા બની ગયા છે. છેલ્લા બે દિવસથી વાતાવરણ પલ્ટની અસર જોવા મળે છે. આજે પણ સવારથી શહેરમાં મોસમનો મિજાજ બદલાયો હતો. સવારના સમયે આકાશમાં વરસાદી વાદળો ઘેરાયા હતા. જયાર સુસવાટા મારતા વરસાદી વાયરા વચ્ચે ગમે ત્યારે વરસાદ વરસશે તેવી આશ સેવાઈ રહી હતી. પરંતુ બપોર થતા જ વાતાવરણમાં ફરી એકવાર પલ્ટો આવતા નગરજનોએ અંગ દઝાડતી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. વાદળિયા વાતાવરણના લીધે બફારાથી પણ શહેરીજનો પરેશાન થયા હતા જો કે વાતાવરણ પલ્ટાની અસરથી ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતરી ગયો હતો આજે લાંબા સમયના અંતે મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની નીચે આવી ગયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

### હજુ પાંચ દિવસ ગરમી ઘટશે નહિ, પવનની ગતિ રાહત જરૂર આપશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં આગામી પાંચ દિવસ પુનઃ હિટવેવ જોવા મળશે. જો કે આ હિટવેવમાં તાપમાનનો પારો ૪૧ થી ૪૨ ડિગ્રી સે. રહેશે. પવનના સુસવાટાઓ ગરમીમાં રાહત આપશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૧૭માં જણાવાયાં મુજબ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા નથી. મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૭ થી ૭૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૨૧-૨૪ કિ.મી. પ્રતિ કલાક રહેવા સંભાવના છે. ઉનાળુ પાકોના વાવેતરમાં જરૂરિયાત મુજબ પિયત આપવાની સલાહ ખેડૂતોને આપવામાં આવી છે. જમીનમાં ભેજ વધે તેવા પગલાં લેવા પણ સલાહ આપવામાં આવી છે.

# રાજયમાં સૌ પ્રથમ ગાંધીનગર કલેકટર કચેરીમાં અદ્યતન ઘોડિયા ઘર ખુલ્લું મુકાયું


ગાંધીનગર તા ૨૭

સમગ્ર રાજયમાં સૌ પ્રથમ ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે અધતન ઘોડિયા ઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના હસ્તે આ ઘોડિયા ઘરને ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

ઘોડિયા ઘરની વિશેષ માહિતી આપતાં અધિક નિવાસી કલેકટર શ્રી રીતુ સિંગે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીના ચોથા માળ ખાતે આ ઘોડિયા ઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રકારનું અધતન ઘોડિયા ઘર રાજયની કોઈપણ કલેકટર કચેરી ખાતે નથી. માત્ર ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ આ અધતન ઘોડિયા ઘર બનાવવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, કલેકટર કચેરીમાં નોકરી કરતી મહિલાઓ પોતાના બાળકની ચિંતા ન રહે તે માટે ઉત્તમ સુવિધાયુક્ત ઘોડિયા ઘર બનાવવામાં આવ્યું છે. આ ઘોડિયા ઘર બાળકોના ઉછેર સાથે સાથે તેમાં સંસ્કારનું સિંચન પણ કરશે. પાપા પગલી માંડતું બાળક મોટું થશે, પછી કયાં રાખશું તેની ચિંતામાંથી પણ મહિલા કર્મયોગીઓને કરવાની નથી. કારણ કે, આ ઘોડિયા ઘરમાં ૦ થી ૧૨ વર્ષ સુધીના બાળકોને રાખવામાં આવશે. નાના બાળકો માટે રમવાના અધતન રમકડા, લપસણી અને અન્ય સુવિધા રાખવામાં આવી છે. તેમજ નાના ભુલકાઓને સમયાંતરે જમવાનું પૌષ્ટિક મળી રહી તેમના ખોરાકની જાળવણી યોગ્ય રીતે થાય તે માટે ફીઝ, ઈન્ડેક્ષ કુકર, પીવાના પાણીની સુવિધા પણ કરવામાં આવી છે. તેમજ ૧૨ વર્ષ સુધીના બાળકો માટે સુવા માટે અલગ બેડની સુવિધા પણ કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર



### ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રમાં ૧૦૦ મહિલા કર્મચારી

ગાંધીનગર જિલ્લાતંત્રમાં ૧૦૦ મહિલા કર્મચારી ફરજ બજાવે છે તેમાં આઉટ સોર્સિંગના મહિલા કર્મયોગીનીઓનો પણ સમાવેશ થાય છે. આ ૧૦૦ કર્મયોગીનીઓમાં ૬ મહિલા અધિકારી, ૮૨ કર્મયોગીની અને ૧૨ આઉટસોર્સિંગમાં ફરજ બજાવતી કર્મયોગીની છે.

# પ્રદેશ કોંગ્રેસ દ્વારા નવ સંકલ્પ શહેરી વિસ્તાર શિબિર યોજાઈ

અમદાવાદનાં રાજીવ ગાંધી ભવન ખાતે પ્રદેશ કોંગ્રેસ દ્વારા નવસંકલ્પ શહેરી વિસ્તાર શિબિરમાં ગુજરાતનાં આઠ મહાનગરપાલિકાના ૨૫૦થી વધુ ડેલીગેટ સાથે પ્રવર્તમાન સમસ્યાઓ, જનતા લક્ષી મુદ્દાઓ અને કોંગ્રેસ પક્ષના અભિગમ અંગે સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, ગુજરાતની જનતા ભારે હાલાકી ભરી સ્થિતિનો સામનો કરી રહી છે. સત્તા પ્રાપ્ત કર્યા બાદ ભાજપે માત્ર ઠાલા વચનો આપ્યા. પરંતું તેની નીતિ સદંતર પ્રજા વિરોધી રહી સમાજના વિવિધ વર્ગોને તાકાત આપવાનું કામ કરવાને બદલે આ સમુદાયને તોડવાનું કામ થયું. ભાજપ દ્વારા ભ્રષ્ટાચારનું સંકલિત કેન્દ્રીકરણ કરવામાં આવ્યું અને વહીવટીતંત્ર ઉપર સત્તાધારી પક્ષ એટલી હદે હાવી થઈ ગયો છે કે સામાન્ય માણસ હાંસિયામાં ધકેલાઈ ગયો છે. મોંઘવારી, શિક્ષણ, આરોગ્ય સેવા – કોરોનામાં અણઘડ વહીવટ, કાયદો વ્યવસ્થા, ભ્રષ્ટાચાર, અર્થવ્યવસ્થા, સામાજિક ન્યાય, શાસનવ્યવસ્થા સહિતની મુખ્ય સમસ્યાઓથી જનતાનું ધ્યાન ભટકાવાઈ રહ્યું છે. હકીકતમાં ભાજપ સરકારમાં ‘પોલીસી પેરાલીસીસ’ તમામ ક્ષેત્ર-વિભાગમાં જોવા મળી રહ્યો છે. પ્રજાની હાલત સુધરવાને બદલે બગડી છે અને હવે પરિવર્તન સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો નથી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com